ગાંધીનગર સમાચાર

જિલ્લાને સ્મોક ફ્રી અને તમાકુનુ સેવન કરતા અટકાવવા સઘન પગલાં તંત્ર દ્વારા લેવાશે





ગાંધીનગરનો અળખામણો વિસ્તાર - સેક્ટર-૨૮ જીઆઈડીસી વિસ્તાર હંમેશા અળખામણો જ રહ્યો છે... માર્ગો, બસ સ્ટેન્ડો, સ્વચ્છતા, દબાણો અને વિવિધ સમસ્યાઓથી ઘેરાયેલો વિસ્તાર છે... શહેરના તમામ માર્ગો ચકાચક થતાં હોય પણ જીઆઈડીસી વિસ્તારનો માર્ગ વર્ષોથી ભંગાર હાલતમાં છે... હજુ હમણા જ વાયબ્રન્ટમાં વિકાસની મોટી મોટી વાતો થઈ, સ્માર્ટ સિટીના સ્વપ્ના તંત્રની આંખે આંજ્યા છે ત્યારે શહેરનો જ એક મહત્વનો ભાગ જ્યાં રોજગારીની તકો વધતી જાય છે, જ્યાં ઉત્પાદનના માધ્યમથી વિકાસદરનું કેન્દ્ર બને છે... પ્રત્યક્ષ - અપ્રત્યક્ષ કરવેરામાં સૌથી વધુ યોગદાન આપે છે એવા વિસ્તારના પ્રશ્નો માટે, વિકાસ માટે વારંવાર રજૂઆતો થઈ... અખબારના પાને અહેવાલો છપાયા પરંતુ તંત્રના બહેરા કાને કોઈ અસર થતી નથી...

# શહેરમાં વધુ એક વખત ઠંડીનું મોજુ : તાપમાન ૯.૮ ડિગ્રી

ગાંધીનગર તા ૩૧

છેલ્લા એક સપ્તાહથી વાતાવરણમાં સતત બદલાવ જોવા મળી રહયો છે. થોડા સમય અગાઉ ઉનાળાની ગરમીનો અહેસાસ કર્યા બાદ ફરિએકવાર મોસમનો મિજાજ બદલાતા નગરમાં ફરિએકવાર ઠંડીનુ મોજુ ફરિ વળ્યુ છે.આજે લઘુત્તમ તાપમાન ૧ ડી ગ્રી ઘટાડા સાથે ૯.૮ સુધી પહોંચી ગયુ હતુ. ઠંડી વધતા નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહયા છે.

ઉત્તર ભારતના વિસ્તારમાં બરફ વર્ષાના લીધે ઠંડીએ ફરિ આક્રમક સ્વરૂપ ધારણ કર્યુ છે. દેશના વિવિધ ભાગોમાં ઠંડીએ ફરિ જોર પકડયુ છે. જયારે ગુજરાતમાં પણ ઠંડીની ઋતિ પ્રભાવિત થઈ છે. છેલ્લા ઘણાં સમયથી વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઈ જતા થોડા સમય અગાઉ નગરજનો દિવસે ઉનાળા જેવી ગરમીનો અહેસાસ કરતા હતા. જયારે રાત્રિના સમયે ગુલાબી ઠંડક પ્રસરતા બેવડી ઋતુની અસરથી મળ્યો હતો. ન્યુન્નતમ તાપમાન ૯.૮ ડી ગ્રી સુધી પહોંચી જતા સાંજ ઢળતા જ વાતાવરણમાં અસહ્ય ઠંડીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો.

## ઉત્તર ભારતમાં બરફ વર્ષાના લીધે મહત્તમ તાપમાનમાં પણ ઘટાડો

નગરજનો પ્રભાવિત થયા હતા. વાતવરણમાંથી ઠંડી સદંતર અદ્રશ્ય થઈ ગઈ હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. જયારે છેલ્લા બે દિવસથી ઠંડીનો પારો એકાએક ઉંચકાતા નગરજનો ફરિએકવાર કડકડતી ઠંડી અનુભવી રહયા છે. ગઈકાલે પણ લઘુત્તમ તાપમાન ૧૦.૫ ડી ગ્રી રહયુ હતુ. જયારે આજે પણ લઘુત્તમ તાપમાનમાં ૧ ડી ગ્રીનો ઘટાડો જોવા મોસમનો મિજાજ બદલાતા ઠંડીનુ મોજુ ફરિ વળ્યુ છે. જયારે મહત્તમ તાપમાનમાં પણ ઘટાડો થયો છે. આજે મહત્તમ તાપમાન ૩૧.૫ ડી ગ્રી રહયુ હતુ. મહત્તમ તાપમાનમાં પણ ૧ ડી ગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. ઠંડી ગરમીની બેવડી ઋતુ વચ્ચે હવે અચાનક જ શિયાળાની મોસમ હવે ફરિ જામતી જાય છે. વિદાય લેવા તરફ આગળ વધતી ઠંડીની મોસમ નિખરી છે.

# મહાત્મા મંદિરે ચોથીએ શિક્ષણ ચિંતન શિબિર

ગાંધીનગર, તા. ૩૧

શિક્ષણમાં ગુણાત્મક પરિવર્તન એ સામાજિક અને સામુહિક જવાબદારી છે ત્યારે તેમાં સમાજવિદ, શિક્ષણવિદ સહિત સૌનું યોગદાન મળી રહે તેવા હેતુથી ૪ ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે શિક્ષણ વિભાગ દ્વારા ચિંતન શિબિર અંતર્ગત મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, પ.પૂ. ધર્મબંધુજી મહારાજ, પ્રાસલા અને પ.પૂ. બ્રહ્મવિહારી સ્વામીજીની પ્રેરક ઉપસ્થિતિમાં શૈક્ષણિક સેમિનારનું આયોજન થયું છે. આ શૈક્ષણિક સેમિનારની મુખ્ય થીમ "ગુણવતાયુકત પ્રાથમિક શિક્ષણ-સામુહિક જવાબદારી" રહેશે. જેમાં અલગ-અલગ વિષયો પર પેનલ ડિસ્કશનનું આયોજન કર્યુ હોવાનું શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને પ્રાથમિક શિક્ષણ રાજયમંત્રી નાનુભાઈ વાનાણીએ જણાવ્યું છે.

# નાણાં પંચની ગ્રાન્ટનો ૧૩ કરોડનો બીજો હપ્તો પંચાયતોને ફળવાયો

## ૧૪૬ ગામોને પરફોમન્સ ગ્રાન્ટ પેટે ૩ કરોડથી વધુની રકમ પણ મળી

ગાંધીનગર, તા. ૩૧

૧૪મા નાણાંપંચ અંતર્ગત ૨૦૧૬-૧૭ના બીજા હપ્તા પેટે જિલ્લાને રૂ. ૧૩ કરોડની રકમ ફાળવવામાં આવી છે. જેની ફાળવણી ગ્રામ પંચાયતોને કરતા હુકમો જિલ્લા પંચાયત દ્વારા કરી દેવામાં આવ્યા છે.

વસતી અને ગ્રામ્ય વિસ્તારના ક્ષેત્રફળને ધ્યાને રાખી આ રકમની ફાળવણીના હુકમો કરવામાં આવ્યા છે. આ માટે ગ્રામ્ય કક્ષાએથી જ વિકાસના કામો અને અંદાજો સાથે પંચાયતો પાસેથી મંજૂરી લઈ અને હાથ ધરવાના રહેશે.

વિકાસના કામો હાથ ધરવા માટે ગ્રામ સભાને પણ સમાયાંતરે જાણ કરવાની રહેશે. પ્રાપ્ત થતી વિતો મુજબ ૧૪મા નાણાંપંચ અંતર્ગત

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાને સ્મોક ફ્રી અને તમાકુનુ સેવન કરતા અટકાવવા સઘન પગલાં તંત્ર દ્વારા લેવાશે

## જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં આ માટે ૮૮ હજારનો દંડ વસુલવામાં આવ્યો જેમાંથી મોટાભાગનો દંડ પોલીસે વસુલ્યો છે હવે તંત્ર સ્કવોડ બનાવી કચેરીઓમાં ત્રાટકશે

ગાંધીનગર, તા. ૩૧

જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓમાં તમાકુનુ સેવન કે ધુમ્રપાન કરનાર સામે હવે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. આ માટે જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીના નેતૃત્વમાં એક ખાસ સ્કવૉડની રચના કરાશે જે આ કચેરીઓમાં દરોડા પાડવાની કામગીરી કરશે.

ગઈકાલે તમાકુ નિયંત્રણ અંગે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાની નવી આવાસ યોજના અન્વયે આજથી ફોર્મનુ વિતરણ કરાશે

ગાંધીનગર તા ૩૧

ગુડા દ્વારા એલ આઈ જી અને એમ આઈ જી પ્રકારના નવા આવાસો બાંધવા માટે આજથી ફોર્મનુ વિતરણ શરૂ કરાશે. ગુડા દ્વારા રાયસણ ,ચિલોડા અને અડાલજમાં આવાસો તૈયાર કરાયા બાદ હવે મધ્યમ અને ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે નવી આવાસ યોજના તૈયાર કરવામાં આવી રહી છે. એમ આઈ જી આવાસ યોજના અન્વયે ઓન લાઈન ફોર્મ સ્વીકારવામાં આવશે. જયારે આ માટે કોઈ ફી પણ નિયત કરવામાં આવી નથી.

ગુડા દ્વારા અગાઉ ચિલોડા ,અડાલજ અને રાયસણ વિસ્તારમાં એલ આઈ જી આવાસ યોજના તૈયાર કરવામાં આવી હતી. જયારે જી અને એલ આઈ જી આવાસો માટે નવી યોજનાનુ કામ હાથ ધરવામાં આવનાર છે. જે માટે હવે ફોર્મ ભરવાની પ્રક્રીયા હાથ ધરવામાં

## એલ આઈ જી અને એમ આઈ જી આવાસ યોજના અન્વયે નવા મકાનો બનશે

આ અન્વેય અંદાજિત ૧૧૨૦ જેટલા મકાનો લાભાર્થીઓને ફાળવવામાં આવ્યા છે. આ ઉપરાંત કુડાસણમાં પણ એમ આઈ જી આવાસ યોજનાનુ કામ હાથ ધરાયુ છે. જયારે હજુ ગુડા દ્વારા એમ આઈ આવશે. સુત્રોના જણાંવ્યા મુજબ આ આવાસ યોજના અન્વયે હજુ પણ સ્થળ પસંદગી કરવામાં આવી નથી. જયારે એમ આઈ જી આવસ દિઠ રૂ ૧૯ લાખની કીમત અને એલ આઈ

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્ય સચિવે આરટીઓ કચેરીની મુલાકાત લીધી

## પાર્કીંગ અને દબાણની સમસ્યા દુર કરવા સુચના : આર ટી ઓ કચેરીનુ બોર્ડ મુકવા માટે પણ તંત્રના અધિકારીઓને સુચના આપી

ગાંધીનગર તા ૩૧

રાજયના મુખ્ય સચિવે આજે અચાનક જ આર ટી ઓ કચેરીની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે આર ટી ઓ સંકુલની કથળેલી પાર્કીંગ વ્યવસ્થા સંદર્ભે અધિકારીઓને ટકોર કરી હતી. અને આ મામલે ત્વરિત દરખાસ્ત કરવા માટે પણ સુચના



આપી હતી. આર ટી ઓ કચેરી આસપાસ વધતા દબાણો દુર કરવા માટે પણ તેમણે સુચના આપી હતી.

ગ માર્ગ પર સ્થિત નગરની હાઈટેક આર ટી ઓ કચેરીની આજે મુખ્ય સચિવ પી કે તનેજાએ મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે આર ટી ઓ કચેરીમાં પાર્કીંગ વ્યવસ્થાના મામલે સર્જાયેલી અવ્યવસ્થા

● અનુસંધાન પાન-૭ પર

# કુડાસણ-સરગાસણ અને સરખેજ માર્ગને જોડતા રીંગ રોડનુ કામ શરૂ

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કુડાસણ સરગાસણ અને સરખેજ હાઈવે માર્ગને જોડતા રીંગ રોડનુ આજે ગુડાના ચેરમેન દ્વારા ખાતમુહુર્ત કરવામાં આવ્યુ હતુ. ૨ કી મી ના આ માર્ગને તૈયાર કરવા માટે રૂ ૮૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. આ માર્ગના નિર્માણના અંતે ટી પી વિસ્તારનુ અમદાવાદ સાથે જોડાણ થશે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિકાસના વિવિધ કામોની સાથે માળખાગત સુવિધાના કામોને પણ વેગ આપવામાં આવ્યો છે. જેમાં ટી પી વિસ્તારમાં પાણી ગટર અને રસ્તાના કામોને અગ્રતા આપવામાં આવી છે. આજે સરગાસણ અને કુડાસણ માં સરખેજ હાઈવે જોડતા રીંગ રોડના નિર્માણ માટે કામનુ ખાતમુહુર્ત કરવામાં આવ્યુ હતુ. જતા હાઈવે સમાંતર સર્વિસ રોડનુ કામ શરૂ કરી દેવાયુ છે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૮૦ લાખનો ખર્ચ થશે. જયારે ટી પી સ્કીમ નં-૬ અને ૭ માં રહેતા હજારો

## ગુડાના ચેરમેન દ્વારા ખાતમુહુર્ત કરાયુ અમદાવાદ સાથે માર્ગનુ જોડાણ થશે

ગુડાના ચેરમેન આશિષ દવેના હસ્તે આ કામનુ ખાતમુહુર્ત કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે રાજુભાઈ પટેલ , કુડાસણ ગ્રામ પંચાયતના સરપંચ અંબાલાલ પટેલ સહીત ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા. ટી પી નં-૭ સરગાસણ સરખેજ તરફ પરિવારોને અમદાવાદ સાથે વધુ એક જોડાણ ઉભુ થશે. ગુડા વિસ્તારમાં વિકાસના નવતર અભિગમ સાથે માળખાગત સુવિધાના કામોને ઝડપભેર હાથ ધરવામાં આવી રહયા છે. જેમાં રસ્તાના કામો તેજ ગતિએ હાથ ધરાયા છે.

## મુખ્યમંત્રી ગૃહ યોજના

### ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (ગુડા)

**ઓછી (એલ.આઈ.જી.) અને મધ્યમ આવક ધરાવતા નાગરિકો (એમ.આઈ.જી.) માટે આવાસ**

ગાંધીનગર મહાનગરપાલિકા અને ગુડા વિસ્તારમાં રહેતા ઓછી અને મધ્યમ આવક ધરાવતા નાગરિકો માટે ગુડા વિસ્તારમાં આવાસ હેતુ માટે અનામત પ્લોટમાં નીચેની વિગતે આવાસો બનાવવાનું આયોજન છે.

| મકાનનો પ્રકાર | વાર્ષિક આવક મર્યાદા રૂ. | બાંધકામનું ક્ષેત્રફળ | આવાસની અંદાજીત કિંમત રૂ. |
|---|---|---|---|
| એલ.આઈ.જી. | ૩,૦૦,૦૦૦થી ૬.૦૦ લાખ | ૪૫.૦૦ ચોરસ મીટર | ૧૨.૦૦ લાખ (અંકે રૂપિયા બાર લાખ) |
| એમ.આઈ.જી. | ૬,૦૦,૦૦૧થી ૭.૫૦ લાખ | ૫૯.૫૦ ચોરસ મીટર | ૧૯.૦૦ લાખ (અંકે રૂપિયા ઓગણીસ લાખ) |

એમ.આઈ.જી. લાભાર્થીઓએ ગુડાની વેબસાઈટ (www.guda.gujarat.gov.in) મારફતે ઓનલાઈન અરજી કરવાની રહેશે. જ્યારે એલ.આઈ.ડી. લાભાર્થીઓ ગુડાની કચેરી ખાતેથી અરજી ફોર્મ મેળવી આવક, રહેઠાણ, ઓળખ અને જાતિના આધાર પુરાવાઓ અને નિયત સોગંદનામા સાથે અરજી કરવાની રહેશે. એલ.આઈ.ડી. લાભાર્થીઓ અરજી સાથે રૂ. ૨૫,૦૦૦/- ડીપોઝીટનો 'ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ' (ગુડા)ના નામનો ડી.ડી. રજૂ કરવાનો રહેશે. જ્યારે એમ.આઈ.ડી. લાભાર્થીઓએ રૂ. ૩૦,૦૦૦/-નું ચલણથી અથવા ડીઝીટલ પેમેન્ટ કરવાનું રહેશે. બંને યોજના માટે અરજી કરવાની તેમજ સ્વીકારવાની અંતિમ તા. ૨૮/૨/૨૦૧૭ના રોજ ૧૭.૦૦ કલાક સુધી છે. એલ.આઈ.ડી. લાભાર્થીઓએ અરજી પત્રકો નીચેના સરનામેથી મેળવી જરૂરી વિગતો અને આધાર-પુરાવા સાથે કામના દિવસો દરમિયાન કચેરી સમય દરમિયાન રજૂ કરવાના રહેશે. અરજીઓની ચકાસણી કર્યા બાદ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો દ્વારા આવાસની ફાળવણી કરવામાં આવશે. વધુ વિગતો માટે ગુડાની કચેરીએ (બ્લોક નં. ૦૯, ભોંયતળિયે, ઉદ્યોગભવન, ગાંધીનગર) રૂબરૂ અથવા હેલ્પ લાઈન નં. ૦૭૯૨૩૨૪૯૦૧૭-૧૮ એલ.આઈ.ડી. માટે પર સંપર્ક કરી શકશે. એમ.આઈ.જી. લાભાર્થીઓને ઓનલાઈન ફોર્મ ભરવા અંગે ટેકનીકલ હેલ્પલાઈન નં. ૦૭૯-૨૩૨૫૬૫૯૨ પર સંપર્ક કરવા વિનંતી છે.

સહી/-
અશોક શર્મા (I.A.S.)
મુખ્ય કારોબારી અધિકારી, ગુડા

માહિતી/૨૬૦૭/૧૬-૧૭

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com